**મા. શ્રી ડૉ. પિનાકીનભાઇ યાજ્ઞિક (નિવૃત્ત એસોસીયેટ પ્રોફેસર, આણંદ એજયુકેશન કોલેજ, આણંદ)** સાહેબે પોતાનીકાવ્યમય વાણીમાં પોતાનાં વિચારોને વાચા આપી હતી. તેમણે જણાવ્યું કે, સંસાર પરિવર્તનશીલ છે. જે પરિવર્તનનો સ્વીકાર કરે છે. તે જ આગળ વધે છે. જેટલાં ઊંચે જવું હોય તેટલા મનથી ઉન્નત વિચારો જોઇએ. તેમણે પોતાના શિક્ષણ સમયની વાતને જણાવતા કહ્યું કે, “અમે તો લખોટીનાં માણસ, તમે તો કોમ્પ્યુટરનાં માણસ આપણે સૌએ મારે શું?, મારું શું? ની ભાવનાથી ઉપર જઇ કાર્ય કરવાનું છે. “આફતને પણ અવસરનાં પરિવર્તિત કરે તે શિક્ષક છે.”

**મા.શ્રી  ડૉ. જયંતભાઇ શાહ સાહેબનો વાર્તાલાપ (નિવૃત્ત અધ્યાપક, બી.એડ્. કોલેજ, ખરોડ)** જેમણે આ ક્રિયાત્મક સંશોધનમાં ખૂબ સારું યોગદાન આપ્યું છે. શિક્ષકોનાં સંશોધન વિષયમાં ચર્ચા કરી યોગ્ય માર્ગદર્શન આપી સંશોધન પ્રક્રિયામાં મદદરૂપ બન્યાં હતાં. અહેવાલ ચકાસણી કરી ભૂલો નિવારી હતી.

તેમણે પોતાના ઉદ્દ્બોધનમાં જણાવ્યું કે, શાળાનાં શિક્ષકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક કામ કર્યુ છે. આપણે ચાવી આપેલા રમકડા નથી બનવાનું. પણ ભણાવતા ભણાવતાં જે મુશ્કેલીઓ આવે તેને ધ્યાનમાં લઇ સંશોધનનાં કેટલાંક ઉદાહરણો રજૂ કર્યા. મોબાઇલનાં મર્યાદિત ઉપયોગની વાત કરી વિચારશકિત ખીલવવાનું કે, તમારું આ સંશોધન એવોર્ડ તરફ જવાનું પગથિયું છે.

**મા.શ્રી ડૉ. આઇ.કે.અન્સારી (ઇ.પ્રિન્સીપાલ, બી.એડ્. કોલેજ ખરોડ)** સાહેબ જેમણે અગાઉ શાળાનાં શિક્ષકોને ક્રિયાત્મક સંશોધન એટલે શું? તેના સોપાનો વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપી સંશોધનનું અને બીજ રોપવાનું કાર્ય કર્યુ હતું. તેમણે પ્રાસંગિક ઉદ્દ્બોધનમાં જણાવ્યું કે, ૧૮ મું જ્ઞાનસત્ર એ ગીતાનાં ૧૮ અધ્યાયો સમાન છે. શિક્ષણનાં ત્રણ પરિમાણોની વાત કરતાં કહ્યું કે, કેળવણી એ શિક્ષકનું હૃદય છે. બુનિયાદી કેળવણીમાં રહેલ થ્રી એચની તેમણે વાત કરી. AI વિશે વાત કરતાં કહ્યું કે, આપણે AI પર એટલાં બધાં નિર્ભર થઇ ગયાં છે કે, કુદરતી બુદ્ધિને ભૂલી રહ્યાં છે. AI સારો નોકર છે પણ ખરાબ માલિક છે. આપણી સર્જનાત્મકતા હણાય છે. જેનાથી બચવાની જરૂર છે.

**મા.શ્રી ડૉ. મિલનભાઇ શાહનો વાર્તાલાપ (નિવૃત્ત પ્રિન્સિપાલ, અનડા બી.એડ્. કોલેજ, બોરસદ)** તેમણે ભગવદ્ ગીતાનાં કેટલાંક મૂલ્યોની વાત કરી. કોઇ પણ કાર્યમાં સફળ થવા શ્રદ્ધા જરૂરી છે. સૂર્ય ચંદ્રની ગતિ અને તેની મનુષ્યનાં મન પર થતી અસર વિશે જણાવ્યું કે, તેમણે જીવન કૌશલ્ય, તેના વિવિધ સોપાનો, તેનું મહત્વ વગેરેની ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, ક્રિયાત્મક સંશોધનનો આ પ્રયાસ અન્ય શાળાઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહેંશે.

**મા. શ્રી હેમંતભાઇ પ્રજાપતિ (ચેરમેનશ્રી, નારાયણ વિધાલય, ભરૂચ)** તેમણે જણાવ્યું કે, આપણી સાથે બાળકો જોડાય છે. બાળકો વિશેષ હોય છે. તેનામાં રહેલી વિશેષતાને જુઓ, તારવો, તેનામાં રહેલી નવીનતાને ઓળખો. આપણી શાળાનાં બાળકો ખૂબ સારું કેરિયર બનાવી રહ્યાં છે. જે પ્રશંસાને પાત્ર છે. આપણે “જિંદગી જીવવાની જરૂર છે. જિંદગી જીતવાની નહિં.”

કાર્યક્રમનાં ઉદ્દ્ઘાટન સમારોહ બાદ શિક્ષકોને જે તે વિભાગ પ્રમાણે પાંચ ગૃપમાં વહેંચવામાં આવ્યાં હતાં. ગૃપ-૧- ડૉ. મિલનભાઇ શાહ (કન્વીઃ બિનીતાબેન એમ.ગોહિલ ), ગૃપ-૨ ડૉ. આઇ. કે. અન્સારી (કન્વીઃ વિધાબેન રાણા), ગૃપ-૩ -ડૉ. જયંતભાઇ શાહ (કન્વીઃ જીજ્ઞેશભાઇ જોષી), ગૃપ-૪ ડૉ. પીનાકીન યાજ્ઞિક  (કન્વીઃ શીલાબેન, કવિતાબેન), ગૃપ-૫ – ડૉ. ધીરજભાઇ પરમાર  (કન્વીઃ નયનાબેન પટેલ, કંચનબેન પરમાર) જે તે ગૃપમાં શિક્ષકોએ વિવિધ પધ્ધતિ PPT દ્વારા પોતાના વિષયનું પ્રેઝન્ટેશન કર્યુ હતું. સાંજનાં સેશનમાં નિર્ણાયશ્રીઓએ પોતે નિહાળેલ શિક્ષકોનાં પ્રેઝન્ટેશન વિશે અભિપ્રાયો રજૂ કરી શિક્ષકોની કાર્યદક્ષતાને બિરદાવી હતી.

**તા. ૧૨/૧૦/૨૫- રવિવાર :**




જ્ઞાનસત્રનાં બીજા દિવસનાં કાર્યક્રમમાં **મુખ્ય મહેમાન તરીકે માન.શ્રી ડૉ.મહેશભાઇ પટેલ** (OSD, KCG) અને **પ્રોફેસર, આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ)** વિશેષરૂપે ઉપસ્થિત રહ્યાં હતાં. તથા **શ્રી મિલનભાઇ શાહ, શ્રી જગદીશભાઇ પરમાર તથા તેમના ધર્મપત્નિ જશોદાબેન પરમાર** પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

**મા. શ્રી ડૉ. મહેશભાઇ પટેલ** સાહેબે કેટલાંક શિક્ષકો તેના ક્રિયાત્મક સંશોધનનાં પ્રેઝન્ટેશનને નિહાળ્યાં બાદ તેમના વિષય પરત્વે પોતાનો અભિપ્રાય આપતાં શિક્ષકોનાં કાર્યને બિરદાવ્યું હતું. તેમણે ભારત દેશનો વારસો કેવો હતો? આજે કયાં છે?